### વિવિધ પ્રકારની સાડીઓથી શહેરના રસ્તાઓ પર સર્જાયા રંગબેરંગી દ્રશ્યો

# શહેરમાં યોજાયેલી ‘સાડી ગૌરવ રન’માં 4 હજારથી વધુ મહિલાઓએ ભાગ લઈ આકર્ષણ જમાવ્યું

**સશક્તિકરણ** અને ફિટનેસના સંદેશ સાથે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, યુવા, દિવ્યાંગ અને સિનિયર સિટીઝન મહિલાઓ જોડાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.14

આગામી 1 ફેબ્રુઆરીના રોજ યોજાનાર વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનના ભાગરૂપે આજે વડોદરાના કીર્તિ સ્તંભ ખાતેથી “સાડી ગૌરવ રન”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રનમાં વડોદરા શહેરની 4,000થી વધુ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ પ્રકારની સાડીઓ પહેરીને દોડતી મહિલાઓને કારણે શહેરના માર્ગો પર રંગબેરંગી અને મનોહર દ્રશ્યો જોવા મળ્યા હતા.

રનમાં જોડાયેલી તમામ મહિલાઓએ સ્વાસ્થ્ય અને ફિટનેસ માટેની પ્રતિજ્ઞા પણ લીધી હતી. રાજમાતા શુભાંગિનીદેવી ગાયકવાડની ઉપસ્થિતિમાં સાડી ગૌરવ રનનું ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું. આ ગૌરવ રન દ્વારા ભારતીય પરંપરા, મહિલા સશક્તિકરણ અને ફિટનેસનો સંદેશ વિશ્વ સમક્ષ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. 16 વર્ષથી વધુ ઉંમરની યુવતીઓથી લઈને સિનિયર સિટીઝન મહિલાઓ સુધી રનમાં જોડાઈ હતી. આ ઉપરાંત, દિવ્યાંગ મહિલાઓ વ્હીલચેર પર ભાગ લેતી જોવા મળી હતી. 3 કિલોમીટરની આ રનનો પ્રારંભ કીર્તિ સ્તંભથી થયો હતો અને સમાપન પણ કીર્તિ સ્તંભ ખાતે જ થયું હતું.

### મેરેથોનમાં BAPS મહિલાઓની ઉત્સાહભરી ભાગીદારી

વડોદરા મેરેથોન દ્વારા આ વર્ષથી શરૂ કરવામાં આવેલી સાડી ગૌરવ મેરેથોનનો મુખ્ય ઉદ્દેશ સ્વાસ્થ્ય સંભાળ સાથે ભારતીય સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો છે. સ્વાસ્થ્ય અને સંસ્કૃતિના આ સુભગ સમન્વયભર્યા કાર્યક્રમમાં બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ સંસ્થાની મહિલા પાંખની પાંચસોથી વધુ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને વિશેષ આકર્ષણ આપ્યું હતું.

### પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી દ્વારા પરંપરાગત સંગીતની તાલે દોડવીરોમાં ઉર્જાનો સંચાર



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સનો નોંધપાત્ર ફાળો રહ્યો. ફેકલ્ટીના ઉન્નત ભારત અભિયાન એકમ તથા *નેશનલ સર્વિસ સ્કીમ (NSS)*ના વિદ્યાર્થીઓએ પરંપરાગત ભારતીય સંગીતની જીવંત પ્રસ્તુતિ કરી દોડવીરોમાં નવી ઉર્જા અને ઉમંગ ભરી દીધા.

# ટાયર રોડમાં ખૂંપતા ટ્રક એક બાજુ નમી પડ્યો, ક્રેનની મદદથી બહાર કઢાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.14

શહેરમાં ફરી એક વખત પાલિકા કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓની મિલીભગતથી થયેલી નબળી રોડ કામગીરી સામે આવી છે. ફતેપુરા વિસ્તારમાં માર્ગ પર અચાનક બનેલા ખાડામાં ટ્રકના ટાયર ખૂંપી જતા ટ્રક એક બાજુ નમી પડ્યો હતો, જેના કારણે વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ હરિયાણાથી ચોખા ભરેલો એક મોટો ટ્રક વડોદરા આવ્યો હતો. ફતેપુરા વિસ્તારમાંથી પસાર થતી વખતે રોડની નબળી સ્થિતિને કારણે ટ્રકના ટાયર રોડમાં ધસી ગયા, પરિણામે ટ્રક સંતુલન ગુમાવી એક બાજુ ઢળી પડ્યો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને વાહનચાલકો ભેગા થઈ ગયા હતા.

ટ્રકને ખાડામાંથી બહાર કાઢવા માટે અંતે ક્રેન બોલાવવી પડી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ ભારે વાહન વ્યવહાર થોડા સમય માટે ખોરવાયો હતો. આ ઘટનાએ ફરી એકવાર રોડ બનાવવાની કામગીરીમાં ગુણવત્તા બદલે માત્ર વેઠ ઉતારવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ ઉભો કર્યો છે. શહેરમાં નવા બનેલા માર્ગો પણ ટૂંકા સમયમાં જ ધસી પડતા હોવાના કિસ્સાઓ વધતા જઈ રહ્યા છે, ત્યારે જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

### પૂજ્ય વ્રજરાજ કુમારજીના દિવ્ય નેતૃત્વમાં વિશ્વભરના વૈષ્ણવોનું મહાસંમેલન

# વડોદરામાં ‘ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ’ની ભવ્ય ઘોષણા




(પ્રતિનિધિ) વડોદરા તા.14

વૈષ્ણવ સંપ્રદાયના 550 વર્ષના ગૌરવશાળી ઈતિહાસમાં પ્રથમ વખત એક ભવ્ય અને વૈશ્વિક સ્તરે યોજાનાર મહોત્સવનું આયોજન વડોદરાની ઐતિહાસિક ભૂમિ પર થવા જઈ રહ્યું છે. પરમ પૂજ્ય વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજ કુમાર મહોદયશ્રીની દિવ્ય અધ્યક્ષતામાં આગામી 21 થી 29 ડિસેમ્બર 2025 દરમિયાન વડોદરાના નવલખી મેદાન ખાતે “ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ”**નું આયોજન કરાશે.

આ મહોત્સ વ બે મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક સીમાચિહ્નોની ઉજવણી રૂપે યોજાશે. પૂજ્ય શ્રી વ્રજરાજ કુમારજી મહોદય દ્વારા સ્થાપિત વૈષ્ણવ સંપ્રદાયની વિશ્વસ્તરીય સંસ્થા VYO (વલ્લભ યુથ ઓર્ગેનાઇઝર), જે હાલ વિશ્વના 15 દેશોમાં સક્રિય રીતે કાર્યરત છે, તેની 15 વર્ષની સફળ યાત્રાની ઉજવણીનો આ વિશેષ અવસર છે. સાથે જ, પુષ્ટિમાર્ગનું ગુજરાતનું સૌથી મોટું આધ્યાત્મિક કેન્દ્ર ગણાતા ‘ધામ’ સંકુલના 25 વર્ષ પૂર્ણ થવાના શુભ પ્રસંગની પણ આ મહોત્સવ દ્વારા ઉજવણી કરવામાં આવશે. આ ‘પ્રેરણા મહોત્સવ’ વૈષ્ણવ સંપ્રદાયના ઈતિહાસમાં પ્રથમ વખત આટલા વિશાળ અને વૈશ્વિક સ્તરે યોજાનાર સૌથી મોટો ઉત્સવ બનવા જઈ રહ્યો છે. આયોજકોના જણાવ્યા મુજબ, ભારત સહિત વિશ્વના અનેક દેશોમાંથી હજારો વૈષ્ણવો એક મંચ પર એકત્ર થશે અને વૈષ્ણવ પરંપરાની એકતા, ગૌરવ અને સમૃદ્ધ સંસ્કૃતિનું ભવ્ય દર્શન કરાવશે. નવ દિવસો સુધી વડોદરાનું ઐતિહાસિક નવલખી મેદાન ભક્તિ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના મહાકુંભમાં પરિવર્તિત થશે. આયોજકોના જણાવ્યા અનુસાર, આ માત્ર એક ઉત્સવ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પુષ્ટિમાર્ગની પ્રેરણા, તત્ત્વજ્ઞાન અને સંદેશને પ્રસારિત કરતો એક ઐતિહાસિક અવસર સાબિત થશે. આ ભવ્ય આયોજન વડોદરા શહેરને વૈશ્વિક આધ્યાત્મિક નકશા પર વિશેષ સ્થાન અપાવશે અને વૈષ્ણવ સંપ્રદાયના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય ઉમેરશે.

### શિક્ષાપત્રી ગ્રંથની પોથીયાત્રાએ ધાર્મિક માહોલમાં વધારો કર્યો

# 205 વર્ષની અનોખી પરંપરા અકબંધ શ્રી સ્વામિનારાયણ મંદિરે શાકોત્સવની ઉજવણી

**ઘીમાં** બનાવેલા રીંગણના શાકનો અનોખો સ્વાદ માણતા હરિભક્તો



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શ્રી સ્વામિનારાયણ મંદિર, હરણી વડોદરા ખાતે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી શાકોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે હરિભક્તોએ અનોખા શાકનો સ્વાદ માણી ધન્યતા અનુભવી હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવનું આ ગવું મહત્ત્વ છે. આ ઉત્સવ 205 વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના લોયા ગામે શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે 18 મણ ઘી અને 60 મણ રીંગણનું શાક બનાવી શરૂ કર્યો હતો. આજે પણ આ પરંપરા વિશ્વભરમાં ચાલી રહી છે, જેમાં શિયાળાની ઋતુમાં ઘીમાં બનાવેલું રીંગણનું શાક, રોટલા, માખણ અને ગોળ સાથે ઉત્સવ મનાવવામાં આવે છે.

શાકોત્સવની ઉજવણી સાથે શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શિક્ષાપત્રી ગ્રંથની પોથીયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સંતો અને સત્સંગી હરિભક્તોએ વિજયનગરથી શ્રી સ્વામિનારાયણ મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર સુધી મનોરમ્ય રથમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને બિરાજમાન કરી ઓચ્છવ કર્યો હતો.

હરિભક્તો અને બહેનોએ પવિત્ર શિક્ષાપત્રી ગ્રંથને મસ્તકે ધારણ કરી શોભાયાત્રામાં અનુસર્યા હતા. યુવા ભક્તોએ કીર્તન અને સ્તવન દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ ભવ્ય અને દિવ્ય શાકોત્સવમાં વયોવૃદ્ધ સંત શિરોમણી શ્રી ગોવિંદપ્રિયદાસજી સ્વામી, પૂર્વ મહંત શ્રી હરિકેશવદાસજી સ્વામી, શ્રી ધર્માત્મપ્રિયદાસજી સ્વામી, શ્રી ભગવત્ભૂષણદાસજી સ્વામી, મહંત શ્રી સનાતનસ્વરૂપદાસજી સ્વામી તથા શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામી વગેરે સંતો તથા દેશવિદેશના અસંખ્ય હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. પૂજનીય ગુરુપ્રિયદાસજી સ્વામીએ શા કોત્સવ પર્વનો ઈતિહાસ અને તેનું અધ્યાત્મસભર મહિમાગાન કર્યું હતું. અંતમાં, ઉત્સવ રમી, આરતી ઉતારી અને મહાપ્રસાદ ઘીમાં બનાવેલું રીંગણનું શાક, બાજરી, મકાઈના રોટલા, માખણ અને ગોળ ગ્રહણ કરી સૌ હરિભક્તોએ ભક્તિભાવથી ઉજવણી કરી ધન્યતા અનુભવી હતી.

# રાષ્ટ્રીય કલા સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.14

શહેર નવભારત એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત હરિ સેવા ઈશ્વરીબાઈ બક્સાની ઈંગ્લિશ એકેડમી દ્વારા રાષ્ટ્રીય કલા સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે ઈનામ વિતરણ સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા મુખ્ય મહેમાનોમાં રાજેશ આહુજા, મેનેજિંગ ડિરેક્ટર – કોશંભ મલ્ટીટ્રેડ પ્રા. લિ., સાથે જ ટ્રસ્ટી નોતાણી સર, સાયરા મેડમ, આચાર્ય પિનાકીનસર, હેડમિનિસ્ટ્રેસ હેમા મેડમ અને સમાજના અગ્રણી ગ્યાનચંદાણી સરનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમ્યાન રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન પેપર્સ રજૂ કરનાર આચાર્યશ્રીને વિશેષ પ્રમાણપત્રો અને પુરસ્કારો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ હરિ સેવા એજ્યુકેશન કેમ્પસ ઓડિટોરિયમ ખાતે ઉત્સાહભેર યોજાયો હતો.બાળકો તેમજ વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને વિજેતા વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યું હતું.

# વડોદરા જિલ્લાના 4 પરિવારના 14 સભ્યોએ બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો



ડો ભીમરાવ આંબેડકર ના “69 માં મહાપ્રયાણ દિવસ”ની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

બોધિસત્વ બાબાસાહેબ ડૉ ભીમરાવ આંબેડકર ના “69 માં મહાપ્રયાણ દિવસ” નિમિત્તે લુંબીની બુદ્ધ વિહાર, સવાદ ક્વાટર બરોડા જિલ્લા ખાતે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ 2008 ની કલમ 1 ની પેટા કલમ 3 મુજબ કાયદાકીય બૌદ્ધ ધમ્મ દીક્ષા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમમાં બરોડા જિલ્લાના 4 પરિવારના કુલ 14 સભ્યોએ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો અને પોતાના મૂળ ધર્મમાં ઘર વાપસી કરી હતી. આ કાર્યક્રમ નું આયોજન મહા ગુજરાત બૌદ્ધ સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગેરકાયદેસર પાર્કિંગ અને રિક્ષાઓની અરાજકતાથી માર્ગ બ્લોક

# ન્યાય મંદિર-દૂધવાલો મહોલ્લા પાસે ટ્રાફિક જામ: તંત્ર જાગે નહિ તો આંદોલન!

**નાગરિકોને** જોખમી અવરજવર કરવી પડે છે, સ્થાનિકોએ ઉગ્ર લડતની ચીમકી આપી



(પ્રતિનિધિ) વડોદરા તા.14

શહેરના હાર્દ સમા વિસ્તારમાં આવેલા ન્યાય મંદિર-દૂધવાલો મહોલ્લા પાસે લાંબા સમયથી ચાલી રહેલી ગંભીર ટ્રાફિક સમસ્યાએ હવે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આ વ્યસ્ત માર્ગ પર ગેરકાયદેસર પાર્કિંગ અને રિક્ષાઓની અવ્યવસ્થિત અવરજવરના કારણે રોજેરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે, જેનાથી સ્થાનિક નાગરિકો અને રાહદારીઓનું જીવન જોખમમાં મુકાયું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ટ્રાફિક જામનું મુખ્ય કારણ બહારના વેપારીઓ દ્વારા રોડ પર કરવામાં આવતું ગેરકાયદેસર પાર્કિંગ છે. આ વેપારીઓ પોતાના માલસામાનના વાહનો અને ગ્રાહકોના વાહનોને મુખ્ય માર્ગ પર જ પાર્ક કરી દે છે, જેનાથી અડધો રોડ કાયમી ધોરણે બ્લોક થઈ જાય છે. આ ઉપરાંત, આ વિસ્તારમાં રિક્ષાઓની અવરજવર પણ અત્યંત અસ્તવ્યસ્ત અને અનિયંત્રિત હોવાથી વારંવાર ટ્રાફિકજામ થાય છે, જેના પગલે વાહનચાલકો કલાકો સુધી અટવાઈ પડે છે. આ વિસ્તારની સમસ્યા માત્ર વાહનચાલકો પૂરતી સીમિત નથી. અહીં આવેલી મસ્જિદમાં નમાજ અદા કરવા જતા નાગરિકોને તેમજ સામાન્ય રાહદારીઓને ભરચક ટ્રાફિક અને વાહનોની વચ્ચેથી જોખમભરી રીતે પસાર થવું પડે છે. ટ્રાફિકના કારણે પગપાળા ચાલતા લોકોને વારંવાર અકસ્માતનો ભય રહે છે. એક સ્થાનિક નાગરિકે જણાવ્યું કે, “અહીંથી નીકળવું એટલે જીવના જોખમે પસાર થવા જેવું છે. અમે અનેકવાર તંત્રને રજૂઆત કરી છે, પણ કોઈ અસર થતી નથી. જાણે તંત્ર અમારી સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરે છે.” આ ગંભીર સમસ્યા પ્રત્યે વડોદરા મહાનગર પાલિકા (VMC) અને ટ્રાફિક પોલી સ વિભાગની ઉદાસીનતા સામે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# કમિશનરના ઈશારે ‘ફ્લેટવાળી’ કંપનીને 62 લાખનું કામ – પાલિકામાં ‘છબી સુધારણા’નો ખર્ચાળ ખેલ!

વડોદરા મહાનગરપાલિકા ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. આ વખતનો મુદ્દો છે મ્યુનિસિપલ કમિશનરની કથિત ‘છબી ચમકાવવાની દિવાળી’, જેના માટે પાલિકાની તિજોરીમાંથી સીધા 62.46 લાખ ઉડાડવામાં આવ્યા હોવાનો આરોપ છે. સદભાગ્યે, ઓડિટ વિભાગે સમયસર આંખ ખોલી અને બિલો રોકી દીધા–નહીંતર ‘સાંસ્કૃતિક સેવા’ વધુ મોંઘી પડી જાત.

ચર્ચા મુજબ, કમિશનર ટ્રાન્સફર થવાના અણસાર વચ્ચે શહેરમાં પોતાની પોઝિટિવ ઈમેજ બનાવવા ચાર કલાકનો ભવ્ય કાર્યક્રમ ગોઠવાયો. નિયમો? એ તો કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ સ્ટેજ પાછળ મૂકી દેવાયા!

આ સમગ્ર ‘જલ્સા’ની જવાબદારી કમિશનરના માનીતા જનસંપર્ક અધિકારીઓની ત્રિપુટીને સોંપાઈ અને તેમણે કામ આપી દીધું YM Hospitality LLP નામની કંપનીને–જે 2022માં ઊભી થઈ છે અને તેનું સરનામું એક રહેણાંક ફ્લેટ! આસપાસના લોકોને પણ ખબર નથી કે ત્યાં કોઈ ‘હૉસ્પિટાલિટી’ ચાલે છે.

કાર્યક્રમમાં લાલ જાજમ, ઝગમગાટ સ્ટેજ, ટ્રસ-લાઈટ્સ અને ઓછા જાણીતા કલાકારો–અને હાઈલાઈટ તરીકે કમિશનર સાહેબનું સ્ટેજ પર ડાન્સ પરફોર્મન્સ! ‘ઝુમખા ગીરા’ અને ‘મન મોર બની’ પર અધિકારીઓ સાથે ઠુમકા–જાણે પાલિકા નહીં, કોઈ રિયાલિટી શો!

પરંતુ જયારે 62,46,531 ના બિલો ઓડિટ વિભાગ સુધી પહોંચ્યા, ત્યારે આખી ફિલ્મ અચાનક થંભી ગઈ. ચુકવણી રોકાતા પાલિકામાં ખળભળાટ મચ્યો છે.

હવે સવાલ સીધો છે: ફ્લેટના સરનામે બેઠેલી કંપનીને આટલું મોટું કામ કેમ? કમિશનર અને કંપની વચ્ચે એવો કયો ‘સાંસ્કૃતિક સંબંધ’ છે?

શહેરમાં હવે એક જ ચર્ચા છે: આ ‘છબી સુધારણા’ હતી કે પાલિકાની તિજોરી પર સ્ટેજ શો?

### ફરિયાદ કરવા ગયા તો FIR નહીં, “ઘર ખાલી કરો”ની VIP સલાહ મળી!

પોલીસ પ્રજાની રક્ષા માટે છે – આ વાક્ય હવે કદાચ પાઠ્યપુસ્તકમાં જ સાચું બચ્યું છે. વડોદરા શહેરના ઝોન-4 સ્થિત પોલીસ સ્ટેશનમાં તો પોલીસનું નવું સૂત્ર ચાલે છે: “ફરિયાદ નહીં, સ્થળ બદલો!” પુત્રને મળતી ધમકીઓથી ડરાયેલા ગરીબ પિતા આશા લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યા. તેમને લાગ્યું કે અહીં કાયદાનો હાથ મળશે. પરંતુ સામે બેઠેલા કર્મચારીએ કાયદાનો હાથ નહીં, મોઢેથી પલાયનનો ઉપદેશ આપ્યો – “ડર લાગે છે તો ઘર ખાલી કરીને ચાલ્યા જાવ.”

વાહ રે પોલીસિંગ!

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

ફરિયાદ લેવાની મહેનત બચી, કેસની ફાઈલ નહીં ખુલે, ઉપરથી શાંતિ! આ રીતે તો શહેરમાંથી ગુનાઓ નહીં, ફરિયાદી જ ખતમ થઈ જશે.

આવી જવાબદારીને જોઈને પ્રશ્ન થાય છે કે પોલીસ સ્ટેશન હવે ન્યાયનું મંદિર રહ્યું છે કે ડરાયેલા લોકો માટે રિયલ એસ્ટેટ એજન્સી બની ગયું છે?

આ કર્મચારી માટે ગરીબ માણસની સુરક્ષા કદાચ ઝંઝટ છે. FIR લખવી પડે, ઉપરથી જવાબદારી આવે – એ કરતા તો ઘર ખાલી કરવાની સલાહ આપી દેવી વધુ સરળ!

પોલીસની ખુરશી પર બેઠેલા આવા લોકો માટે વર્દી ફરજનું પ્રતીક નથી, બહાનું છે.

આવો કડવો અનુભવ થતાં સામાન્ય નાગરિક હવે વિચારે છે કે ધમકી મળે ત્યારે પોલીસ પાસે જવું કે સીધું ઘર વેચી દેવું? કારણ કે અહીં કાયદો નહીં, નિરાશા ફ્રીમાં વહેંચાય છે.

હવે જો ઉચ્ચ પોલીસ અધિકારીઓ આવા આળસુ, બેદરકાર અને ફરજથી ભાગતા કર્મચારીઓ સામે કાર્યવાહી નહીં કરે તો સ્પષ્ટ માની લેવું પડશે કે વડોદરામાં પોલીસ પ્રજાની રક્ષા માટે નહીં, પ્રજાને ખસેડવા માટે છે.

### વડોદરા જિલ્લા ભાજપમાં ‘સ્વાગત વગરનો સ્વાગત સમારોહ’, મંત્રી આવ્યા, સંગઠન ગાયબ!

વડોદરા જિલ્લા ભાજપમાં રાજકીય દુર્ભાગ્ય નવી ઊંચાઈએ પહોંચ્યું છે. ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી–જે કાલ સુધી સંગઠનના મજબૂત સ્તંભ હતા–જિલ્લામાં આવ્યા, પરંતુ સંગઠનને કોઈ ફરક પડ્યો નહીં. જિલ્લા ભાજપ કાર્યાલય પર નામ પૂરતું સ્વાગત, ફોટા પડ્યા અને પછી સાહેબ એકલા જ વરણામા પહોંચ્યા.

આશ્ચર્યની વાત એ છે કે જિલ્લા ભાજપના પ્રમુખથી લઈને કોઈ પણ મોરચાના હોદેદાર, મહામંત્રી કે કાર્યકર KPGu કોલેજ, વરણામા ખાતે દેખાયા નહીં. જાણે મંત્રી નહીં, કોઈ અજાણ્યા મહેમાન આવ્યા હોય!

સ્વાગત સમારોહનો ખર્ચ પણ એવો ‘શાનદાર’ કે–ધૃવીમાંથી ખમણી 1.5 કિલો, ગોપાલ ફરસાણમાંથી પાતરા 1 કિલો, અને નાસ્તાનો ખર્ચ પણ જિલ્લા પંચાયતના પદાધિકારીઓ ઉઠાવે! સંગઠન માત્ર ફોટામાં હાજર–એ પણ ગણતરીના ચહેરા સાથે.

ચર્ચા છે કે જિલ્લા ભાજપ પ્રમુખે ‘ઓછા ખર્ચે વધુ વાહવાહી’ મેળવવાનો પ્રયાસ કર્યો. પરિણામે મંત્રી સાહેબ સંગઠનના સહયોગ વિના એકલા ફર્યા, અને નારાજગી સાથે ગંભીર નોંધ લીધી.

આ પહેલો કિસ્સો નથી. અગાઉ રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીની હાજરીમાં પણ નાસ્તા (ભજીયા-કઢી મરચા) મુદ્દે વિવાદ થયો હતો. એટલે હવે સવાલ સહેજ પણ નવો નથી–વડોદરા જિલ્લા ભાજપમાં મંત્રીનું માન સાચવવાની જવાબદારી કોણે લીધી છે?

ભાજપમાં ચર્ચા છે કે જિલ્લામાં સાત પ્રમુખો ‘ગરબો ધરે’ જવાની તૈયારીમાં છે અને જિલ્લા પ્રમુખ સાહેબ સમય ઓછો હોવાથી છેડા ભેગા કરવામાં વ્યસ્ત છે!

આ આખા પ્રસંગે એક જ પ્રશ્ન ઊભો કર્યો છે–

જો શિક્ષણ મંત્રી એકલા જાય, સંગઠન ગાયબ રહે તો પછી સંગઠન કોના માટે છે?

### ચૂંટણી પહેલાં ‘જનસેવા’ નહીં, ગોડફાધરની સેવા શરૂ! ગાદીપતિઓની દયાથી વહેંચાશે ટીકીટ?

સંસ્કારી નગરીને વિકાસના નામે ચકડોળે ચડાવ્યા બાદ હવે આવનારી પાલિકાની ચૂંટણીમાં એક નવો પ્રયોગ હાથ ધરાય એવી ચર્ચાઓ ગરમાઈ છે – “નો રિપીટ થિયરી”. એટલે કે જનતાનો ચુકાદો નહીં, ફોર્મ્યુલા કામ કરશે! નવા ચહેરા ઉભરી આવે તો નવાઈ નહીં, કારણ કે જૂના ચહેરાઓએ શહેરને જે રીતે ‘સ્માર્ટ’ બનાવ્યું છે, તેનાથી લોકો પહેલેથી જ સ્માર્ટ બની ગયા છે. આ વખતે ચૂંટણીના ભણકારાં વાગતા જ ટીકીટ વાંચ્છુકો જનતાની વચ્ચે નહીં, ગોડફાધરોના દરબારમાં હાજરી આપવા દોડી ગયા છે. વિકાસની વાત પછી થશે, પહેલા આશીર્વાદ જરૂરી છે! શહેરના રાજકારણમાં હાલ એક જ ચર્ચા છે – કોણ કેટલા ગાદીપતિઓના ચરણમાં બેઠો? ખુલ્લેઆમ ચર્ચા છે કે આ વખતે કેટલાક વોર્ડમાં ટીકીટ ઉમેદવારની કામગીરી પરથી નહીં, ધાર્મિક સંસ્થાના ગાદીપતિના “હા” પરથી ફાઈનલ થશે. મતદારને મત આપવાનો અધિકાર છે, પણ ટીકીટ આપવાનો અધિકાર તો આશીર્વાદ પાસે જ રહે છે! બીજી તરફ, કેટલાક વોર્ડમાં જો રિપીટની શક્યતા બની તો કેટલાક ઉમેદવારો “સ્વૈચ્છિક” રીતે ચૂંટણી નહીં લડવાનો સંકેત આપી રહ્યા છે. કારણ કે અહીં સૂત્ર એક જ છે – કરે કોઈ, ભરે કોઈ! જવાબદારી જનતા ભરે અને સત્તા બીજાઓ ભોગવે. કેટલાક વોર્ડમાં તો જુથબંધી એવી સક્રિય થઈ ગઈ છે કે એકબીજાને પાડવા માટે વિકાસ નહીં, પોલિટિકલ ખાડા ખોદવાની સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. હવે આ ખોદેલા ખાડામાં કોણ ખાબકશે – એ જ જોવા માટે શહેરજનો મજા લઈ રહ્યા છે. કુલ મળીને, આ ચૂંટણી જનસેવા કરતાં વધુ ગાદી-સેવા, ગોડફાધર-રાજ અને આશીર્વાદ આધારિત રાજકારણ તરફ આગળ વધી રહી છે. હવે જોવું રહ્યું કે સંસ્કારી નગરીમાં મતદાર ફરી એકવાર ચહેરા પસંદ કરશે કે છાંયામાં બેઠેલા ખેલાડીઓનો ખેલ ચાલશે.

### કમલાનગર તળાવ પાસે આવેલા નહેરુચાચા નગરમાં પીસીબીની રેડ

# રૂ. 3.13 લાખના દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને લઈને પોલીસ દ્વારા દારૂને વેચાણ તથા હેરાફેરી પર સતત વોચ રાખવામાં આવી રહી છે. ત્યારે પીસીબી પોલીસે આજવા રોડ પર નહેરુચાચાનગરમા રેડ કરી રૂ.3.13 લાખના દારૂ સાથે બૂટલેગર ઝડપી પાડ્યો હતો.

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર દરમિયાન દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરો તૈયાર થઇ ગયાં છે અને કેટલાક દારૂ બહારથી મંગાવી રહ્યા છે અને કેટલાક સ્ટોક કરી લીધો છે. જેના પર પોલીસ સતત વોચ રાખી રહી છે. ત્યારે 13 ડિસેમ્બરના રોજ પીસીબીની બાતમી મળી હતી કે આજવા રોડ પર કમલાનગર તળાવ પાછળ આવેલા નહેરુચાચાનગરના મકાન નંબર 716માં રહેતો મયુર ખાવડિયા પોતાના મકાનની સામે આવેલા બંધ મકાનના કમ્પાઉન્ટમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડીને રાખ્યો છે. તેમાંથી છુકમાં દારૂનું વેચાણ કરી રહ્યો છે. હાલમાં પણ વેચાણ ચાલુ છે. જેના આધારે પીસીબીની ટીમે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી ત્યારે મકાનના કમ્પાઉન્ડમાં મુયર લક્ષ્મણ ખાવડિયા ઝડપાઇ ગયો હતો. જેથી પોલીસે કમ્પાઉન્ડ તથા તેના મકાનમાં તપાસ કરી હતી ત્યારે રૂ. 3.13 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે વિદેશી દારૂ તથા અને એક મોબાઈલ મળી રૂ. 3.16 લાખનો મુદ્દામાલ કબજે કરી બાપોદ પોલીસને સોંપવામાં આવ્યો છે. જ્યારે દારૂનો જથ્થો આપનાર પ્રવિણ રાઠવાનામનો શખ્સ નહી પકડાતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# ગોરવામાં અદાવતે બે પરિવારો વચ્ચે મારામારી

**બંને** પક્ષે સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે12 લોકો સામે ગુનો દાખલ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ગોરવા વિસ્તારમાં મધુનગર પાસે બે પરિવારો વચ્ચે જુની અદાવતે ફરી ઝઘડો થયો હતો. ત્યારે બંને પક્ષના લોકોએ જાહેરમાં મારામારી કરીને એકબીજા પર હુમલો કર્યો હતો. ગોરવા પોલીસ સ્ટેશનમાં પોલીસે સામસામે ફરિયાદ નોધાવતા પોલીસે બંને જૂથના 12 લોકો સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા મધુનગર પાસે હાસ્મીપાર્કમાં રહેતા ઝરીનાબેન શકીલ પઠાણે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના દિયર આલેનબી પઠાણની દીકરા લગ્ન હોવાથી તેઓ દીકરી રેહાના સાથે તેમના ઘરે જમવા માટે ગયા હતા. ત્યારે સાલામખાનની દીકરી સાબરીન તથા તેના પતિ ફકકરૂન જુની અદાવત રાખી મહિલા તથા તેમની દીકરી સાથે ઝઘડો કર્યો હતો અને ગાળો આપવા લાગ્યાં હતા. ત્યારબાદ મહિલા દીકરીની લઈને ઘરે જતી રહી હતી. ખાલીદ પઠાણ, શાહરૂખ પઠાણ તથા યાસીન પઠાણ તેમના ઘરે ધસી આવ્યાં હતા અને તેમને લાફો મારી ઢોર માર માર્યો હતો. ત્યારે દીકરો છોડાવવા માટે વચ્ચે પડી હતી ત્યારે આ ત્રણ લોકોએ તેને પણ માર માર્યો હતો.આમ પાંચ લોકોએ ભેગા મળીને માતા તથા પુત્રોને માર માર્યો હોય તેમના વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે. સામા પક્ષના શાહરૂખ પઠાણે પણ ફરિયાદ નોધાવી છે કે તેઓ બાઇક લઈને ફસાર થતા હતા ત્યારે ઈમરાન પઠાણ, રીઝવાન પઠાણ, કમરાન પઠાણ, ગાન પઠાણ, કેફ પઠાણ,ઝરીના પઠાણ તથા રેહાના પઠાણ તમામ લોકોએ ભેગા મળીને પટ્ટા લઈને ઉભા હતા. ત્યારબાદ યુવકે ક્યા હુવા તેમ કહેતા આ લોકોએ તેને ગાળો આપવા લાગ્યાં હતા.જેથી તેણે ગાળો નહી બોલવાનું કહેતા સાત લોકોએ ઉશ્કેરાઈ ગયાં હતા અને પટ્ટાથી માર માર્યો હતો. દરમિયાન યુવકનાભાઈ ખાલીદા તથા યાસીન છોડાવવા વચ્ચે પડતા તેને માર માર્યો હતો. જેથી પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ નોંધી 12 લોકો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.